PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧૧/કવા–૦૧/૧૧–૧૨/૨૧૨૬ તા. ૧૪/૦૩/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પૂર્ણીમાબેન એમ. ખંડેરીયા,
C/O, ગીરીશભાઈ ચંદારાણા,
ગામ: પલાસવા,
તા. જુનાગઢ
મો: ૯૮૨૫૫ ૫૭૩૮૭, ૯૮૭૯૦ ૩૭૪૦૧

વિષય :– ઓદ્યોગીક વીજજોડાણ મા અપાયેલ પડત રકમ ના વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર : ૧૧૧/કવા–૦૧/૧૧–૧૨)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-.૪.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 06 /A/

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૧૧/કવા–૦૧/૧૧–૧૨ | કમિટિ મીટીગ તા.૧૦–૦૩–૧૭ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: શ્રીમતી પુર્ણીમાબેન ખંઢેરીયા,ગામ: પલાસવા,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી શ્રી ગિરીશભાઈ પી. ચંદારાણા હાજર રહેલ હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર :એલ.કે.પરમાર, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ : ઓર્દ્યોગીક જોડાણ મા અપાયેલ પડતર રકમ ના બીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના, '' ખાણ – પથ્થર કટીગ '' ના હેતુ માટે ના, ગામઃ પલાસવા ખાતે આવેલ ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૩૬૧૨૮/૦૦૭૮૭/૯ ના જોડાણ બાબતે, '' સરકારશ્રી તરફથી મળેલ હુકમ મુજબ'' પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ના સદર જોડાણ નો વીજપુરવઠો, તા.૧૧–૦૭–૨૦૦૮ થી જ કાપી નાખવામા આવેલ હતો. તેમજ, સદર જોડાણ નુ મીટર પણ, પીજીવીસીએલ તરફથી તા.૧૫–૧૦–૨૦૦૮ થી ઉતારી લેવામા આવેલ હતુ. ત્યારબાદ, સદર મીટર ના તા.૧૭–૧૦–૨૦૦૮ ના રોજ, પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. અને લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીગ ૧૪૫૨૧૧ નોંધાયેલ હોવાની બાબત જણાયેલ હતી. જે, રીડીગ સદર જોડાણ મા મીટર ઉતાર્યા પહેલાના માહે ઓગષ્ટ–૨૦૦૮ ના તા.૨૩–૦૮–૦૮ ના રોજના નિયમીત વીજબીલીગ સમયે, જોડાણ ના મીટર મા નોંધાયેલ છેલ્લા ૧૪૫૨૧૧ રીડીગ મુજબ નુ જ છે. આમ, તેમના જોડાણ મા માહે ઓગષ્ટ–૨૦૦૮ ના બીલીગ તા.૨૩–૦૮–૦૮ પછી ના સમયગાળા, એટલેકે મીટર ઉતાર્યા તા.૧૫–૦૭–૦૮ થી નવુ મીટર લગાડયા તા. ૧૫–૧૦–૦૮ સુધી ના – જુના મીટર મા કોઈ વીજવપરાશી યુનીટ નોંધાયેલ નથી. એ બાબત ને રેકર્ડ આધારીત પુર્તતા મળેલ છે. |
| ૧.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે નુ મીટર, જે '' ચોમાસાની સીઝન તેમજ – સરકાર શ્રી ના આદેશ મુજબ વીજપુરવઠો બંધ કરાયેલ હોવાના કારણોસર, '' જોડાણ ના – પથ્થર કટીગ અને ખાણ '' ની કામગીરી સતત બંધ હોવાના કારણોસર જ, સદર – તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર મા, જે – આ જોડાણ મા, તા.૧૧–૦૭–૦૮ થી જ, વીજપુરવઠો કપાયેલ હોવાના કારણોસર, તા.૧૧–૦૭–૦૮ થી તા. ૧૫–૧૦–૦૮ સુધી ના સમયગાળા મા, કોઈ વીજવપરાશી યુનીટ ચડત નથી. |
| ૧.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે, વર્ણવેલ કારણોસર, સ્થળ પર, સવાલવાળુ મીટર હૈયાત ન હોવાથી જ, સદર સવાલવાળા મીટર મા, '' માહે સપ્ટેમ્બર–૨૦૦૮ થી માહે ડિસેમ્બર–૨૦૦૮ '' સુધીના ૦૪ માસ દરમ્યાન, કોઈ વીજવપરાશ નોંધાયેલ ન હોવાની બાબત, જે રેકર્ડ આધારીત રીતે સ્વયં સ્પષ્ટ થયેલ છે. આ તમામ રેકર્ડ આધારીત બાબતો અને હકીકતો, પીજીવીસીએલ ની સબંઘક કચેરી મા ઉપલબ્ધ છે. અને સવાલવાળુ મીટર પણ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ નથી, અને તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. |
| ૧.૪ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૧, ૧.૨ અને ૧.૩ મુજબ ની વિગતે નો, રેકર્ડ પીજીવીસીએલ ની કચેરી મા ઉપલબ્ધ હોવા છતા, તેમજ સદર સવાલવાળા – લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય અને તેમા છેલ્લા રીડીગ ૧૪૫૨૧૧ નોંધાયેલ હોય, આ તમામ બાબતો રેકર્ડ આધારીત ઉપલબ્ધ હોવા છતા, પીજીવીસીએલ ની ઓડિટ ટીમ તરફથી, સદર રેકર્ડ આધારીત બાબત ને અનદેખી કરી અને, તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરાયેલ એવા તેમના જોડાણ ના સવાલવાળા જુના મીટર ને – '' ક્ષતિગ્રસ્ત '' જાહેર કરીને, તેઓ શ્રી ને, માહે સપ્ટેમ્બર–૨૦૦૮ થી માહે ડિસેમ્બર–૨૦૦૮ સુધી ના ૦૪ માસ દરમ્યાન નુ, પ્રત્યેક માસ ના – '' ફોલ્ટી મીટર સ્ટેટસ સરેરાશ –૩૮૭૦ યુનીટની ગણતરીએ થતા – કુલ ૦૪ માસ ના ૧૫૪૮૦ યુનીટ નુ, રૂ.૭૬,૬૨૬/– ની રકમ નુ પુરવણીબીલ અપાયેલ છે. |

| | |
|---|---|
| **૧.૫** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૪ મુજબ ની વિગતે ના, સવાલવાળા પુરવણીબીલ ની રકમ રૂ.૭૬,૬૨૬/–, જે પીજીવીસીએલ તરફથી, અરજદાર ના સદર જોડાણ ના બીલીંગ ખાતામા માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ના વીજબીલ મા ઉધાર કરવામા આવેલ છે. અને તે મુજબ ની, બાકી લેણી રકમ રૂ.૭૬,૬૨૬/– ની વસુલાત," – જે તેઓ શ્રી પાસેથી, કરવા બાબતે ની કાર્યવાહી – જે પીજીવીસીએલ તરફથી કરાયેલ છે. પીજીવીસીએલ ની આ કાર્યવાહી, ખરેખર અન્યાય પૂર્ણ જણાતા, અરજદાર શ્રી એ, સદર કાર્યવાહી ને ન્યાયિક રીતે મુલવવા માટે – તેમના સદર રીકવરી કેઈસ મા, કચેરી મા ઉપલબ્ધ રહેલ રેકર્ડ ની તમામા બાબતો નો વિગતે અભ્યાસ કરી – તેમના સદર કેઈસ મા,નિયમાધીન યોગ્ય અને વ્યાજબી પણ નકકી કરી, અને તેમને ન્યાય આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના, '' ખાણ – પથ્થર કટીગ '' ના હેતુ માટે ના, ગામઃ પલાસવા ખાતે આવેલ ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૩૬૧૨૮/૦૦૭૮૭/૯ ના જોડાણ મા, પીજીવીસીએલ તરફથી –સવાલવાળુ સીકયોર કંપની નુ મીટર નં. : જીઈબી ૦૫૬૮૨, જે પીજીવીસીએલ તરફથી, અગાઉ પર્ફોમા –૧૫ નંબરઃ ૩૨૩૯ તા.૦૮–૦૯–૨૦૦૩ થી, શરૂઆતના ૦૦૪૦૦ રીડીગ થી, સ્થળ પર સ્થળ પર લગાડવામા આવેલ હતુ. |
| **૨.૨** | ત્યારબાદ, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ વાળા ''ખાણ – પથ્થર કટીગ'' વાળા સ્થળ પર – '' સરકાર શ્રી ના ગીરનાર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી ના જાહેર નામા'' – ના અનુસંધાને, સરકાર શ્રી ની, જુનાગઢ કલેકટર કચેરી સ્થિત ખાણ ખનીજ વિભાગ તરફથી, સદર સ્થળ પર પથ્થર કટીગ ની કાર્યવાહી બંધ કરવા સબબ ની, ફરીયાદી ગ્રાહક શ્રી ને તા.૧૧–૦૭–૦૮ ના પત્રક્રમાંક : ૬૩૪ થી પણ જાણકારી અપાયેલ હતી. તેમજ સરકાર શ્રી ની આ કચેરી તરફથી, પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ને પણ – સદર ખાતા તરફથી આ મુજબ ની જાણકારી આપતો, તા.૦૪–૦૭–૦૮ ના રોજ નો, પત્રક્રમાંક : જીજે/ કયુએલ/સ્થગીત/ ૪૯૧૫/ ૫૬૪૦ પાઠવી અને – તે પત્ર મા, કરાયેલ આદેશ મુજબ, '' બીજો હુકમ ન થાય ત્યા સુધી આ સ્થળ પર ની પથ્થર કટીગ ની કામગીરી સ્થગીત કરવામા આવે છે, જેથી સદર સ્થળ પર રહેલ જોડાણ નો વીજપુરવઠો સ્થગીત કરવા બાબતેની '' જાણકારી પણ પીજીવીસીએલ ને અપાયેલ હતી. |
| **૨.૩** | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતેની, '' સરકાર શ્રી ના ગીરનાર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી ના જાહેર નામા'', અન્વયે ના, જુનાગઢ કલેકટર કચેરી સ્થિત ખાણ –ખનીજ વિભાગના આદેશાત્મક પત્ર મા કરાયેલ આદેશ ના અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી ના, '' ખાણ – પથ્થર કટીગ '' ના હેતુ માટે ના, ગામઃ પલાસવા ખાતે આવેલ ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૩૬૧૨૮/૦૦૭૮૭/૯ ના જોડાણ નો વીજપુરવઠો, પીજીવીસીએલ તરફથી, તા.૧૧–૦૭–૨૦૦૮ થી જ કાપી નાખવામા આવેલ હતો. |
| **૨.૪** | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતેના, અગાઉ તા.૧૧–૦૭–૦૮ ના રોજ, વીજપુરવઠો કપાત થયેલ હોય તેવા આ જોડાણ નુ – અગાઉ તા.૦૮–૦૯–૨૦૦૩ ના રોજ લગાડવામા આવેલ એવુ – સવાલવાળુ જુનુ સીકયોર કંપની નુ મીટર નં. : જીઈબી ૦૫૬૮૨, જે ચેકીગ શીટ નં.: પીસીએ જેએનડી / ૦૩૧૬ તા. ૧૫–૧૦–૦૮ મા કરાયેલ'' અવાચ્ય રીડીગ – અને કાચ તુટેલ '' નોંધ મુજબ નુ સદર મીટર – જે પીજીવીસીએલ તરફથી, પર્ફોમા –૧૫ નંબરઃ ૧૧૫૮૬ તા.૧૫–૧૦–૨૦૦૮ થી સ્થળ પરથી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. |
| **૨.૫** | ત્યારબાદ, ઉપરોકત મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતેના, તા. ૧૫–૧૦–૦૮ થી સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ એવા સવાલવાળા સીકયોર કંપની નુ મીટર નં. : જીઈબી ૦૫૬૮૨ ને, તા.૧૭–૧૦–૦૮ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા – પીજીવીસીએલ ની શહેર વિભાગીય કચેરી જુનાગઢ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. આ લેબોરેટરી ચકાસણી દરમ્યાન કરાયેલ, એવી પેપર પેકીગ સમયેની કાચ તુટેલ હોવાની નોંધવાળા આ મીટર મા, લેબોરેટરી ચકાસણી દરમ્યાન પણ કાચ તુટેલ હોવાની સ્થિતી લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા નોંધાયેલ હતી. પરંતુ, મીટર તેમજ પેટી ના તમામ સીલો, તેમજ મીટર બોડી સીલ વગેરે ચકાસણી કરવામા આવતા, સદર બોડીસીલો ઈન્ટેકટ જણાયેલ હતા. અને મીટર ની સંપુર્ણ સ્થિતી પણ બીલકુલ અકબંધ જણાયેલ હતી. આમ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર સાથે, કોઈ ચેડા થયેલ ન હોવાની બાબત ની નોંધ – લેબોરેટરી ચકાસણી દરમ્યાન જણાયેલ ન હોવાથી, લેબોરેટરી ચકાસણી અહેવાલ મા નોંધાયેલ નથી. આમ, સદર સવાલવાળુ મીટર, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરાયેલ હતુ. આ મીટર મા, બહાર થી સપ્લાય આપી અને રીડીગ મેળવતા, આ મીટર મા છેલ્લા રીડીગ, ૧૪૫૨૧૧ નોંધાયેલ હોવાની બાબત પીજીવીસીએલ ને જણાયેલ હોવાથી, આ મીટર ચકાસણી અહેવાલ મા આ મુજબ ની નોંધ થયેલ છે. તદ ઉપરાંત, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર નો એમ.આર.આઈ. ડેટા પણ ડાઉનલોડ કરાયેલ હતો. અને મીટર ને રી–પેક કરાયેલ હતુ. |

| | |
|---|---|
| **૨.૬** | અગાઉ, સદર કેઈસ મા, નિર્ણય આપતા પહેલા, સદર સવાલવાળા મીટર ના અગાઉ ડાઉનલોડ થયેલ એમ.આર.આઈ. અહેવાલ ની નકલ તેમજ તેમા જણાયેલ વિગતો, જે પીજીવીસીએલ તરફથી માંગવામા આવેલ હતી. પરંતુ, અગાઉ જે તે સમયે, સદર ડાઉનલોડ થયેલ એમ.આર.આઈ. અહેવાલ, જે અગાઉ પ્રીન્ટ આઉટ માટે રન થઈ શકેલ ન હોવાના કારણોસર, હાલ પીજીવીસીએલ પાસે ઉપલબ્ધ ન હોય, જેથી ફોરમ કમિટી સમક્ષ રજુ થઈ શકે તેમ નથી. તેમજ, અગાઉ લેબોરેટરી કક્ષાએ થી રીપેક મીટર, જેતે સમયે સબંધક કચેરી ને સોપી દીધેલ હોય, આવા કારણોસર, હાલ સદર મીટર રી–પેક સ્થિતીમા લેબોરેટરી કક્ષાએ તેમજ સબંધક કચેરી કક્ષાએ ઉપલબ્ધ નથી. આવા કારણોસર, સવાલવાળા મીટર ને, અગાઉ મીટર બનાવટ કંપની સમક્ષ રજુ કરી અને વિશેષ તાંત્રીક અભિપ્રાય મેળવવા માટે ની કાર્યવાહી પીજીવીસીએલ કક્ષાએથી થઈ શકેલ ન હતી. હાલ ના તબ્બકે, સવાલવાળુ મીટર કચેરી ખાતે ઉપલબ્ધ નથી. |
| **૨.૭** | ત્યારબાદ, '' સરકાર શ્રી ના ગીરનાર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી ના જાહેર નામા'' – ના અનુસંઘાને, સરકાર શ્રી ની, જુનાગઢ કલેકટર કચેરી સ્થિત ખાણ ખનીજ વિભાગ તરફથી, પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ને, તા.૦૩–૧૦–૦૮ ના રોજ ના પત્રક્રમાંક : ૭૮૯૭ થી અપાયેલ આદેશાત્મક જાણકારી મુજબ, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ના સદર સ્થળ પર, તા.૧૫–૧૦–૦૮ ના રોજ, નવુ એલએન્ડટી કંપની નુ મીટર નં. ૬૫૭૭૧૮૧, જે શરૂઆતના ૦૦૦૦૬૫ રીડીંગ થી લગાડી, અને જોડાણ મા ફરી વખત વીજપુરવઠો ચાલુ કરાયેલ હતો. |
| **૨.૮** | આમ, ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા ઓર્ધોગીક વીજજોડાણ નં.: ૩૬૧૨૮/૦૦૭૮૭/૯ (૪૦ હોપા) નુ સ્થળ, જે ઉપરોકત મુદદા નં.૨.૨, ૨.૩ અને ૨.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતેનો ખાણ વિસ્તાર હોય, અને જોડાણ નો હેતુ પણ '' પથ્થર કટીંગ અને ખાણ '' નો હોય, તેમજ સરકાર શ્રી ના આદેશ થી, આ ખાણ પ્રવૃતિ પર, તા.૧૧–૦૭–૦૮ થી તા. ૧૫–૧૦–૦૮ સુધી ના સમયગાળા મા, પ્રતિબંઘ હોવાનો પીજીવીસીએલ ને આદેશ થતા, આ સમયગાળા દરમ્યાન જોડાણ વાળા સ્થળ પર નુ મીટર, પીજીવીસીએલ દ્રારા ઉતારી અને વીજપુરવઠો બંઘ કરાયેલ હતો. આમ, આ સમયગાળા મા સ્થળ પર મીટર હૈયાત ન હતુ. તેમજ વીજવપરાશ પણ બંઘ હતો. વિશેષ મા, સદર ખાણ વિસ્તાર મા ચોમાસાની સીઝન – એટલેકે માહે જુલાઈ– થી માહે ઓકટોબર સુધી ના સમયગાળા દરમ્યાન ખાણોમા પાણી ભરાયેલ હોવાની બાબત હંમેશ ને માટે હોય છે. આવા કારણોસર પણ, આ વિસ્તાર ના જોડાણં હંમેશ માટે વીજવપરાશ અત્યંત ન્યુનતમ હોય છે. આ તમામ બાબતો, જે રેકર્ડ આઘારીત છે. |
| **૨.૯** | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૮ મુજબ ની વિગતેની બાબતો ને આનુષાંગીક રહેતા, તેમજ પીજીવીસીએલ સમક્ષ ઉપલબ્ઘ એવા વાસ્તવિક બાબત, એટલેકે – ''તા.૧૫–૦૭–૦૮ થી તા. ૧૫–૧૦–૦૮ '' સુઘીના સમયગાળા મા, સદર સ્થળ પર મીટર ખરેખર હૈયાત ન હોય – આમ, ''તા.૧૫–૦૭–૦૮ થી તા. ૧૫–૧૦–૦૮ '' સુઘી વીજપુરવઠો તેમજ મીટર હૈયાત ન હોય – એ બાબત રેકર્ડ આઘારીત સ્પષ્ટ થયેલ છે. આમ, આ સમયગાળા દરમ્યાન, સદર સવાલવાળા જુના મીટર મા, વીજવપરાશ બીલકુલ નોંઘાયેલ ન હતો. આ બાબત ને પણ –પીજીવીસીએલ દ્રારા કરાયેલ સદર મીટર ના તા.૧૭–૧૦–૨૦૦૮ ના રોજ ના, લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા, સદર મીટર મા નોંઘાયેલ '' છેલ્લા ૧૪૫૨૧૧ યુનીટ અને, લેબ ચકાસણી દરમ્યાન જણાયેલ મીટર ની યોગ્ય તાંત્રીક સ્થિતી'' – વગેરે બાબતો ને પણ, રેકર્ડ આઘારીત બાબતે સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થયેલ છે. આમ, પીજીવીસીએલ ની સબંઘક કચેરી મા ઉપલબ્ઘ એવા તમામ રેકર્ડ મુજબ, સદર જોડાણ મા '' માહે સપ્ટેમ્બર–૨૦૦૮ થી માહે ડિસેમ્બર–૨૦૦૮ સુઘી ના ૦૪ માસ'' વીજવપરાશ થયેલ ન હોવાની તમામ બાબતો ને રેકર્ડ આઘારીત પૂર્તતાઓ સાંપડેલ છે. |
| **૨.૧૦** | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૨ થી ૨.૯ મા વર્ણવ્યા મુજબ ની તમામ વિગતો ની બાબતોને, પીજીવીસીએલ કક્ષાએથી રેકર્ડ આઘારીત સમર્થન મળેલ છે. જેથી, પીજીવીસીએલ ની, ગ્રામ્ય વિભાગીય કચેરી નં.–૧ ખાતે કાર્યરત એવી, '' ફરીયાદ નિવારણ સમીતી '' ની તા.૦૧–૦૯–૧૬ ની મીટીંગ મા– પીજીવીસીએલ કક્ષાએથી, સદર કેઈસ – જે આ મુજબ ની તમામ રેકર્ડ આઘારીત બાબતો ને અભ્યાસે લઈ અને ન્યાયિક રીતે મુલવવામા આવેલ હતો. જે, મુજબ – પીજીવીસીએલ ની, ગ્રામ્ય વિભાગીય કચેરી નં.–૧ ખાતે કાર્યરત એવી, '' ફરીયાદ નિવારણ સમીતી '' દ્વારા, સદર કેઈસ મા– અરજદાર શ્રી ને અપાયેલ એવુ – પીજીવીસીએલ ના ઓડિટ અન્વયે નુ, માહે સપ્ટેમ્બર–૨૦૦૮ થી માહે ડિસેમ્બર–૨૦૦૮ સુઘી ના ૦૪ માસ દરમ્યાન ના – પ્રત્યેક માસ ના – '' ફોલ્ટી મીટર સ્ટેટસ સરેરાશ –૩૮૭૦ યુનીટ નુ – કુલ ૦૪ માસ ના ૧૫૪૮૦ યુનીટ નુ, રૂ.૭૬,૬૨૬/– ની રકમ નુ જે પુરવણીબીલ – જે, સદર જોડાણ ના બીલીંગ ખાતામા માહે ફેબ્રુઆરી–૨૦૧૧ ની સ્થિતીએ ઉઘારી અને લેણી વસુલાત હેઠળ મુકાયેલ હતુ – તે સવાલવાળા ૧૫૪૮૦ યુનીટ ની રકમ રૂ.૭૬,૬૨૬/– વાળુ પુરવણી બીલ – જે પીજીવીસીએલ ની નિયમાઘીન પ્રણાલી અન્વયે ની પ્રક્રીયાઓ અંતર્ગત હેઠળ નુ ન હોય, તેમજ પીજીવીસીએલ સમક્ષ ઉપલબ્ધ રેકર્ડ મા રહેલ બાબતો સાથે પણ સુસંગત ન હોય – આવા કારણોસર, સદર રૂ.૭૬,૬૨૬/– નુ પુરવણીબીલ, જે માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ થી જ, રદબાતલ કરી, અને તે અન્વયે, અરજદાર શ્રી પાસેથી, માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ જ, સદર વીજબીલ ની રકમ રૂ.૭૬,૬૨૬/–, જે માંડવાળ કરવામા આવેલ હોવાનો – પીજીવીસીએલ ની '' ફરીયાદ નિવારણ સમીતી '' તા.૦૧–૦૯–૧૬ ના રોજ, સદર કેઈસ મા નિર્ણય કરાયેલ છે. આ મુજબ ની ફોરમ કમિટી સમક્ષ, પીજીવીસીએલ કક્ષાએથી અભિપ્રાય સાથે ની નોંઘ રજુ કરવામા આવેલ છે. |

**મુદદા નં.–૩ :**

**: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ થી ૧.૫ મા વર્ણવ્યા મુજબ ની ફરીયાદ સંદર્ભીત બાબતો, અને ફરીયાદી પક્ષકાર તરફથી, સદર આનુષાંગીક એવા ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ દસ્તાવેજીક પેપર્સ, તદ ઉપરાંત, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ થી ૨.૧૦ મા વર્ણવ્યા મુજબ ની ફરીયાદ સંદર્ભીત બાબતો, અને ફરીયાદી પક્ષકાર તરફથી, સદર આનુષાંગીક એવા ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ દસ્તાવેજીક પેપર્સ, તેમજ બન્ને પક્ષકારો સાથે થયેલ મૌખીક ચર્ચાઓ, અને ખાસ કરીને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં.૨.૧૦ મા વર્ણવ્યા મુજબ ની કાર્યવાહી અને અભિપ્રાય વગેરે તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | સદર કેઈસ, જે અગાઉ વર્ષ–૨૦૧૧–૧૨ દરમ્યાન, ફોરમ સમક્ષ નોંધાયેલ કેઈસ છે. અને આ કેઈસ મા, ફોરમ કમિટી તરફથી અગાઉ કુલ ૦૨ વખત, ફોરમ કમિટી ની મીટીંગ મા આવરી લઈ અને હીઅરીંગ થયેલ હતુ. આમ, અગાઉ ના ૦૨ હીઅરીંગ દરમ્યાન, ફોરમ કમિટી તરફથી, સદર કેઈસ ના સવાલવાળા મીટર નો ડાઉનલોડ થયેલ એમ.આર.આઈ. અહેવાલ મંગાવવામા આવેલ હતો. અથવા તો, જો ડાઉનલોડ થયેલ એમ.આર.આઈ. રજુ થઈ શકે તેમ ન હોય તો, સદર રી–પેક થયેલ મીટર ને, મીટર બનાવટ કંપની સમક્ષ રજુ કરી અને, મીટર બનાવટ કંપની દ્વારા, સદર મીટર ની ગુણવતાયુકત તાંત્રીક ચકાસણી કરી અને, મીટર ની ખરી તાંત્રીક સ્થિતીનો અભિપ્રાય, જે મીટર બનાવટ કંપની પાસેથી મેળવી અને ફોરમ કમિટી સમક્ષ રજુ કરવાની, અગાઉ સબંધક વિભાગીય કચેરી ના વડા ને મૌખીક તેમજ, ત્યારબાદ ના વારંવાર ના ઈ–મેઈલ આપી અને યાદીઓ, જે અત્રેના ફોરમ તરફથી અપાયેલ હતી. તેમ છતા, દીર્ઘકાલીન સમયગાળા દરમ્યાન, આ મુજબ ની સ્પષ્ટતાઓ, જે સબંધક વિભાગીય કચેરી તરફથી, ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ ન હોવાના કારણોસર, દીર્ઘકાલીન સમય સુધી, સદર કેઈસ, ફોરમ સમક્ષ પડતર રહેલ હતો. જેથી, ફોરમ કમિટી તરફથી,ફરી વખત સદર કેઈસ, હાથ પર લઈ અને, પ્રથમ તા.૧૦–૦૨–૧૭ અને ત્યારબાદ ની હાલ ની તા.૧૦–૦૩–૧૭ ના દિવસો દરમ્યાન બન્ને પક્ષકારો ની હાજરી મા, સદર કેઈસ નુ, રી–હીઅરીંગ પૂર્ણ કરાયેલ છે. પરંતુ, આજદિન સુધી, એટલેકે તા.૧૦–૦૩–૧૭ સુધી, સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ કે મીટર બનાવટ કંપની તરફથી, મીટર ની તાંત્રીક સ્થિતી બાબતે નો અભિપ્રાય સાથે નો અહેવાલ રજુ કરી શકેલ નથી. જેથી, આખરે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ અહેવાલ, દસ્તાવેજીક પેપર્સ, અભિપ્રાય વગેરે પ્રકાર ની, પીજીવીસીએલ કક્ષાએ હાલ મા ઉપલબ્ધ રહેલ એવી તમામ રેકર્ડ આધારીત બાબતો અને પેપર્સ, જે ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે, તે તમામ બાબતો ને અભ્યાસે લઈને, સદર કેઈસ મા, નીચેના મુદદાઓ મુજબ નિષ્કર્ષ કરી, અને સદર કેઈસ મા, નિર્ણય આપવામા આવે છે. |
| ૩.૨ | ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર સવાલવાળુ મીટર, જે સદર સ્થળ પર ની પ્રવૃતિ પર ના, સરકાર શ્રી ના આદેશાત્મક નિર્ણયોના કારણોસર ની, પીજીવીસીએલ દ્વારા કરાયેલ કાર્યવાહી ના ભાગરૂપ, સવાલવાળુ મીટર, જે ''તા.૧૫–૦૭–૦૮ થી તા. ૧૫–૧૦–૦૮ '' સુધીના સમયગાળા , સદર સ્થળ પર મીટર ખરેખર હૈયાત ન હોવા બાબત ને પુરતુ દસ્તાવેજીક સમર્થન મળેલ છે. આમ, ''તા.૧૫–૦૭–૦૮ થી તા. ૧૫–૧૦–૦૮ '' સુધી અરજદાર ના સ્થાપન પર, વીજપુરવઠો તેમજ મીટર હૈયાત ન હોવાની બાબત ને પણ, પીજીવીસીએલ તરફથી રેકર્ડ આધારીત સમર્થન મળેલ છે. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી નુ, સવાલવાળુ મીટર, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, જે ખરેખર '' ક્ષતિગ્રસ્ત '' નહી, પરંતુ, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે, અને તેમા છેલ્લા રીડીંગ ૧૪૫૨૧૧ નોંધાયેલ છે. આમ, મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. |
| ૩.૩ | આમ, ઉપરોકત મુદદા નં.૩.૧ મુજબ ની વિગતે ના સ્પષ્ટ દસ્તાવેજીક પેપર્સ અન્વયે ના સમર્થન હોવા છતા, પીજીવીસીએલ ની ઓડિટ ટીમ તરફથી, આ મીટર ના, '' માહે સપ્ટેમ્બર–૨૦૦૮ થી માહે ડિસેમ્બર–૨૦૦૮ સુધીના ૦૪ માસ ના સમયગાળા દરમ્યાન – ક્ષતિગ્રસ્ત જાહેર કરી, અને ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા અન્વયે નુ, સદર ૦૪ માસ માટે નુ, એટલેકે – માહે સપ્ટેમ્બર–૨૦૦૮ થી માહે ડિસેમ્બર–૨૦૦૮ સુધી ના ૦૪ માસ દરમ્યાન નુ – પ્રત્યેક માસ ના – '' ફોલ્ટી મીટર સ્ટેટસ સરેરાશ –૩૮૭૦ યુનીટની ગણતરીએ થતા – કુલ ૦૪ માસ ના ૧૫૪૮૦ યુનીટ નુ, રૂ.૭૬,૬૨૬/– ની રકમ નુ પુરવણીબીલ આપવાની, જે કાર્યવાહી થયેલ છે. અને તે |

| | |
|---|---|
| | કાર્યવાહી ના ભાગરૂપ, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ના સદર જોડાણ ના બીલીગ ખાતામા માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ – સદર રકમ રૂ.૭૬,૬૨૬/– ઉધારી અને, બાકી લેણી વસુલાત અન્વયે દર્શાવ્યા બાબતે ની '' જે કાર્યવાહી થયેલ છે, તે તમામ કાર્યવાહી, જે પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અન્વયે ની પ્રક્રીયાઓ અંતર્ગત મુજબ ની ન હોવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી સમક્ષ મુદદા નં.૨.૧૦ મુજબ ની વિગતે, અભિપ્રાય રજુ થયેલ છે. અને સદર અભિપ્રાય ને સમર્થન આપતી એવી રેકર્ડ આધારીત બાબતો પણ, પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. તે તમામ બાબતો ને આધીન રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ મા અપાયેલ સવાલવાળુ, સદર રૂ.૭૬,૬૨૬/– નુ પુરવણીબીલ – જે માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ થી જ, રદબાતલ કરી, અને તે અન્વયે – અરજદાર શ્રી પાસેથી – માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ જ, સદર વીજબીલ ની રકમ રૂ.૭૬,૬૨૬/–ની વસુલાત – જે માંડવાળ કરવામા આવેલ હોવા બાબતેનો – જે, પીજીવીસીએલ ની '' ફરીયાદ નિવારણ સમીતી '' તરફથી, સદર કેઈસ મા, જે નિર્ણય કરાયેલ છે – પીજીવીસીએલ ની ફરીયાદ નિવારણ સમીતીનો તે નિર્ણય, જે પીજીવીસીએલ ના નિયમાધીન પ્રણાલી મુજબ નો જ હોય, ફોરમ કમિટી તરફથી માન્ય રાખવામા આવેલ છે. અને તે અન્વયે, અરજદાર શ્રી ને અપાયેલ સદર સવાલવાળુ રૂ.૭૬,૬૨૬/– નુ પુરવણીબીલ, જે માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ જ રદબાતલ કરાયેલ છે, પીજીવીસીએલ ની તે કાર્યવાહી પણ, ફોરમ કમિટી તરફથી નિયમાધીન યોગ્ય જાહેર કરેલ હોવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ આનુષાંગીક રહીને, ફોરમ કમિટી તરફથી કરાયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે નુ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ – સવાલવાળા રૂ.૭૬,૬૨૬/– નુ પુરવણીબીલ, જે પીજીવીસીએલ મા પ્રસ્થાપિત એવી નિયમાધીન પ્રક્રીયા ને આનુષાંગીક એવી કાર્યવાહી સબબનુ ન હોય, જેથી, સદર સવાલવાળુ પુરવણી બીલ, જે માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ થી જ રદબાતલ કરવા યોગ્ય હોય, સદર બીલ માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ થી જ રદબાતલ કરવાનો, તેમજ, સદર બીલ ની રકમ સાથે / સામે, જો કોઈ ડીપીચાર્જ / વ્યાજ ની રકમ ચડત કરી અને ઉધારેલ હોય, અથવા તો, સદર બીલ ની મુળ રકમ પર પણ નિયમાધીન રીતે આ પ્રકાર નો કોઈ ડીપીચાર્જ / વ્યાજ ની રકમ, જે વસુલાત ને પાત્ર ન હોવા છતા, આવી ડીપીચાર્જ / વ્યાજ ની રકમ, જે અગાઉ ઉધાર હોય, અથવા તો ભવિષ્ય મા ઉધારવા લાયક ગણીને, ઉધારવાની કાર્યવાહી હાથ ધરાયેલ હોય, તેવી તમામ બાબતો ને આવરી લઈ ને – સદર સવાલવાળા પુરવણીબીલ ની મુળ રકમ રૂ.૭૬,૬૨૬/– તેમજ, તેને આનુષાંગીક એવી અન્ય કોઈપણ રકમ – જે મુળ માહે ફેબ્રુઆરી– ૨૦૧૧ ની સ્થિતીએ થી જ રદબાતલ કરવા બાબતે ની કાર્યવાહી, દિન–૧૦ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પૂર્ણ કરવા બાબતે નો, સદર કેઈસ મા પીજીવીસીએલ ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, **નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની** અંદર, ''નામદાર **ઓમ્બુડ્સમેન (વિધુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી,** અમદાવાદ-૩૮૦ ૦૧૫'' **સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% **રકમ પીજીવીસીએલમાં** વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..